**–:: <u>આંક–૫ ની અરજી લગત હુકમ</u> ::–**

(૧) વાદીની સદર મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, મોજે પાડલા, તા.સમી, હાલ તા.શંખેશ્વર મુકામે વાદીઓની માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની નંગ–ર મેડા બંધ મિલકત ગ્રામ પંચાયત નં.૧/૧ તથા ૧/૧/૧ વાળી આવેલ છે, જે અરજીના પેરા–૧ માં જણાવેલ હદોચાર વચ્ચે આવેલ છે. સદરહુ મિકલત વાદીઓના પિતા નશીબખાન મુજાતખાનનાઓને મહેસાણા જીલ્લા કલેકટર તરફથી જમીનના ખાતેદાર તરીકે ચો.વાર ૧૨૪.૪/૯ ગ્રાન્ટ થયેલી. સદરહુ જમીન કલેકટરની અગાઉથી મંજુરી સિવાય કોઈ બાંધકામ કરવાનું નથી કે શરતોને આધીન કલેકટર, મહેસાણાનાઓએ વાદીઓના પિતાને ગ્રાન્ટ કરેલ, જે તે સનદમાં વૃજલાલ નરસીંહરામ તથા સૈયદ દાઉદમીયા ગફુરમીયાનાઓએ સહી કરેલી. સદરહુ જમીન પ્લોટ વાદીઓના પિતાને રહેવાના મકાન કરવા માટે આપવામાં આવેલું. જે કુલ ૫૬ × ૨૦ ચોરસ ફુટ એટલે કે ચો.વાર ૧૨૪.૪/૯ થાય છે, જે જમીનનો પ્લોટ વાદીઓના પિતાને મળતા, જે તે વખતે નિયમ અનુસાર પાડલા ગ્રામ પંચાયતની મંજુરી મેળવી સદરહુ જમીન ઉપર બાંધકામ કરેલું. ઉપરોકત મિલકત વાદીઓના પિતાને ગ્રાન્ટ થયા બાદ તા.૧૯–૦૩–૧૯૭૬ ના રોજ વાદીઓના પિતા મલેક નશીબખાન મુજાતખાન ભટ્ટીનું અમદાવાદ વાડીલાલ સારાભાઈ હોસ્પીટલમાં અવસાન થયેલું, તેથી તેમના સીધીલીટીના વારસદારો તરીકે વાદીઓની માતૃશ્રી માંજબાઈ તે ભટ્ટી નશીબખાન મુજાતખાનની વિધવા ઔરતના નામે સદરહુ મિલકત દાખલ થયેલી. સદરહુ મિલકત સને ૧૯૯૦–૯૧ માં એકજ પ્લોટ હોવાથી વાદીઓના કુટુંબી કાકા રહેમતખાન કે જેઓ વાદીઓના પિતાના સગા ભાઈ થતા હતા અને વાદીઓ નાની ઉંમરના હોવાથી આ કામના પ્રતિવાદીઓના પિતા રહેમતખાન મુજાતખાન વાદીઓની મિલકતની દેખરેખ રાખતા હતા અને જે તે વખતે તેઓએ સદરહુ મિલકત પાડલા ગ્રામ પંચાયતના રેકર્ડ ઉપર આકારણી રજીસ્ટરે મિલકત નં.૧/૧ માં માલીક તરીકે મલેક રહેમખાન મુજાતખાનનું નામ દાખલ કરાવેલું અને કબજેદાર તરીકે વાદીઓની માતા મલેક માજબાઈ

નસીબખાનનું નામ દાખલ કરેલું. ત્યારબાદ સદરહુ મિલકત ઉપર વાદીઓએ ધાબાવાળુ બાંધકામ કરેલું, જેમાં બે મકાનો બનાવેલા, જેથી સને ૨૦૦૭–૦૮ ના પાડલા ગ્રામ પંચાયતના આકારણી રજીસ્ટરે ૧/૧ તથા ૧/૧/૧ તરીકે દાખલ થયેલ. તેમાં પણ માલિક તરીકે ખોટી રીતે આ કામના પ્રતિવાદીઓના પિતા રહેમતખાન મુજાતખાનનું નામ દાખલ થયેલું અને આજદીન સુધી ખોટી રીતે સદરહુ મિલકતના રહેમતખાન મુજાતખાન માલીક કે કબજેદાર ન હોવા છતાં તેઓનું નામ ખોટી રીતે પાડલા ગ્રામ પંચાયતના રેકર્ડમાં દાખલ કરવામાં ગંભીર પ્રકારની ભુલ થયેલ છે. સદરહુ મિલકત ચકારેય પ્રતિવાદીઓના પિતાશ્રી મલેક રહેમતખાન મુજાતખાનને ગ્રાન્ટ થયેલી નથી કે તેઓને કોઈપણ જાતના રજીસ્ટર વેચાણ દસ્તાવેજ આધારે યા અન્ય કોઈપણ જાતના લખાણ ધ્વારા વાદીઓના પિતાશ્રીએ કે વાદીઓની માતૃશ્રીએ સદરહુ મિલકતો પ્રતિવાદીઓના પિતાને કોઈપણ રીતે આપેલી નથી કે તબદીલ કરેલ નથી. પાડલા ગ્રામ પંચાયત રેકર્ડમાં સદરહુ મિલકત ખોટી રીતે પ્રતિવાદીઓના પિતાશ્રીના નામ ઉપર દાખલ થયેલ છે. દાવાવાળી મિલકતના સને ૧૯૭૦–૮૦–૮૧ તથા ૨૦૦૯–૧૦ તથા ૨૦૧૧ તથા ૨૦૧૨ તમામ વર્ષોના ગ્રામ પંચાયતના ટેક્ષની રકમ વાદીઓ તરફથી ભરપાઈ કરવામાં આવેલ છે અને દાવાવાળી મિલકતમાં આ કામના વાદી નં. ૩ ના નામનું ઈલેકટ્રીક મીટર લેવામાં આવેલ છે અને આવતુ બીલ પણ વાદીઓ ભરપાઈ કરે છે. સદરહુ મકાનનું રેશનકાર્ડ વાદી નં. ૩ તથા તેમના સંતાનોના નામ ઉપર ધરાવે છે. સને ૨૦૦૧ ના ભુકંપ આવવાથી વાદીઓની મિલકતને નુકશાન થયેલુ, જેના માટે સરકારશ્રી તરફથી રૂા.૧૩૦૦/– ની સહાય મંજુર થયેલી, પરંતુ આ કામના પ્રતિવાદીઓના પિતાશ્રી રહેમતખાન મુજાતખાનનું નામ ગ્રામ પંચાયતના આકારણી રેકર્ડે ખોટી રીતે દાખલ થયેલ હોઈ તેઓ દાવાવાળી મિલકત ઉપર હકક ભોગવવાની કોશીશ કરે છે, જેના પરીણામે આ કામના પ્રતિવાદી નં. ૧ અને પ્રતિવાદી નં. ૩ થી ૫ નાએ ગ્રામ પંચાયત પાડલામાં એક ખોટી અરજી આપી તેમની સંમતિ વગર મિલકતમાં ફેરફાર ન કરવા જણાવતા વાદીઓ તરફથી પાડલા ગ્રામ પંચાયતના દાવાવાળી મિલકત

અંગેના જરૂરી દસ્તાવેજી આધારોની માંગણી કરતા દાવાવાળી મિલકતમાં આ કામના પ્રતિવાદીઓને કોઈ હકક અધિકાર ન હોવા છતાં દાવાવાળી મિલકત ઉપર તેમનો માલીકી હકક ખોટી રીતે ઉભો કરવાની કોશીશ કરી રહયા છે અને વાદીઓએ પ્રતિવાદીઓને કહ્યુ કહેવડાવ્યું છતાં પ્રતિવાદીઓ માનતા નથી અને જે થાય તે કરી લો તેવુ જણાવતા વાદીઓએ હાલની અરજી કરી, દાવા અરજીના પેરા–૧ માં જણાવેલ મિલકત આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૭ ના કોઈ વ્યકિતને વેચાણ, ગીરો લીચન, બક્ષીસથી આપે અપાવે નહીં યા સદરહુ મિલકત અન્ય રીતે તબદીલ કરે કરાવે નહીં કે તેનો ઉપર કોઈ બોજો ઉત્પન્ન કરે કરાવે નહીં તેવો હંગામી મનાઈ હુકમ આપવા માગણી કરેલ છે.

(૨) આ કામે દાવો દાખલ થતાં પ્રતિવાદીઓને દાવાનો સમન્સ તથા નોટીસ ઈસ્યુ કરતા નોટીસ બજી ગયેલી અને પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નં. ૩, ૭ અને ૮ નાઓએ કોર્ટ રૂબરૂ હાજર થઈ આંક–૮ થી બચાવ કરવા સારૂ ખાનગી વકીલ રોકી જવાબ રજુ કરવા માગતા હોઈ, વકીલ રોકવા તથા જવાબ રજુ કરવા મુદતની માંગણી કરતા મુદત આપવામાં આવેલી, પરંતુ ત્યારબાદ પ્રતિવાદીઓ જાતે કે તેઓના વિ.વ.શ્રી કોર્ટ સમક્ષ ઉપસ્થિત ન રહેલ અને સમયસર દાવાનો અને આંક–પ ની અરજીનો કોઈ જવાબ રજુ ન કરતાં અને વાદીઓના વિ.વ.શ્રીએ આંક–૧૪ થી પ્રતિવાદીઓનો જવાબ રજુ કરવા માટેનો હકક બંધ કરવા અરજ ગુજારેલ, જેથી આ કામે પ્રતિવાદીઓને દાવાના કામે સમન્સ/નોટીસ બજી ગયેલ હોવા છતાં જવાબ રજુ કરેલ ન હોઈ, પ્રતિવાદીઓનો જવાબનો હકક બંધ કરવાનો હુકમ તા.૧૫–૭–૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ, જે હુકમ આજ દિન સુધી કાયમ રહેલ છે.

(૩) સદર કામે વાદીઓની મનાઈ અરજી લગત વાદીઓના વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, સદર કામે વાદીઓની દાવા અરજી તથા મનાઈ અરજ વંચાણે લેવામાં આવે તથા વાદીઓ તરફેના દસ્તાવેજી આધારો વંચાણે લેવામાં આવે તો

દાવાવાળી મિલકત વાદીઓના પિતાશ્રીને મકાનનું બાંધકામ કરવા સારૂ ગ્રાન્ટ થયેલ છે અને દાવાવાળી મિલકત સીધીલીટીના વારસદારો તરીકે વાદીઓની માલીકી કબજા ભોગવટાની છે અને દાવાવાળી મિલકત વાદીઓના પિતાશ્રીએ  કે માતૃશ્રીએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કે અન્ય કોઈપણ રીતે પ્રતિવાદીઓના પિતાના નામે તબદીલ કરેલ નથી અને દાવાવાળી મિલકત ખોટી રીતે પ્રતિવાદીઓના પિતાશ્રીના નામે દાખલ થયેલ હોઈ તેમજ હાલના દાવાની પ્રોસેસ બજવા છતાં પ્રતિવાદીઓ તરફથી દાવાનો કોઈ લેખિત જવાબ રજુ કરવામાં આવેલ નથી. આ સ્થિતિ ઘ્યાને લેવામાં આવે તો વાદીઓ તરફેના દસ્તાવેજી આધારો ઘ્યાને લેતા વાદીઓનો પ્રથમદર્શનીય કેસ છે, બેલેન્સ ઓફ કન્વીનીયસ વાદીઓના લાભમાં છે અને હાલની અરજ મંજુર કરવાથી પ્રતિવાદીઓને કોઈ નુકશાન થાય તેમ નથી, પરંતુ હાલની અરજ નામંજુર કરવાથી વાદીઓના દાવાનો કોઈ અર્થ ન રહે અને વાદીઓને જે નુકશાન થાય તેનું નાણામાં મુલ્યાંકન થઈ શકે તેમ નથી, આમ વાદીઓની મનાઈ અરજ મંજુર કરવા રજુઆત કરેલ છે.

જયારે આ કામના પ્રતિવાદીઓ તરફે વાદીઓના દાવાનો કે મનાઈ અરજીનો કોઈ લેખિત જવાબ રજુ કરેલ નથી કે પ્રતિવાદીઓ  જાતે કે તેમના તરફે કોઈ વિ.વ.શ્રી હાજર રહી વાદીઓની મનાઈ અરજ વિરૂઘ્ધ કોઈ દલીલ કરવામાં આવેલ ન હોઈ, જેથી પ્રતિવાદીઓનો મનાઈ અરજીની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે. જેથી પ્રતિવાદીઓ તરફે કોઈ રજુઆત નથી.

(૪) ઉપરોકત હકીકતે સદર અરજીના નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દા :-**

(૧) શું વાદીઓ પોતાનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું પુરવાર કરે છે ?

(૨) શું સગવડતા-અગવડતાની સમુતલા વાદીઓની તરફેણમાં છે ?

(૩) શું વાદીઓને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીઓને નાણાંથી વસુલ ન થઈ શકે તેવું નુકસાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

**(૫)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે:–

મુદ્દા નં.૧ : હકારમાં.

મુદ્દા નં. ૨ : હકારમાં.

મુદ્દા નં.૩ : હકારમાં.

મુદ્દા નં. ૪ : આખરી હુકમ મુજબ.

**(૬)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના કારણો નીચે મુજબ છે :–

**–: <u>કા ર ણો</u> :–**

**(૬.૧)** **<u>મુદ્દા નં. ૧ થી ૩</u>** :– સદર ત્રણેય મુદ્દા એકબીજા સાથે સંકળાયેલા હોઈ અને પ્રતિવાદીઓ તરફે વાદીના દાવાનો પ્લીડીંગથી કોઈ પ્રતિકાર કરવામાં આવેલ ન હોઈ, હકીકતોનું પુનરાવર્તન ટાળવા ત્રણે મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**(૭)** હાલના કામે વાદીઓનો દાવો તથા મનાઈ અરજી વંચાણે લેવામાં આવે તો આ કામના વાદીઓના પિતા નામે નશીબખાન મુજાતખાનને કલેકટરશ્રી, મહેસાણા તરફથી દાવાવાળી જમીન ૫૬ × ૨૦ ચોરસ ફુટ એટલે કે ચો. વાર ૧૨૪.૪/૯ રહેવાનું મકાનનું બાંધકામ કરવા માટે આપવામાં આવેલ અને તા.૧૯–૦૩–૧૯૭૬ ના રોજ વાદીઓના પિતાશ્રીનું અવસાન થતા સીધીલીટીના વારસદાર તરીકે વાદીઓની માતૃશ્રી માંજબાઈ તે ભટ્ટી નશીબખાન મુજાતખાનની વિધવા ઓરતના નામે સદરહુ મિલકત દાખલ થયેલી, પરંતુ દાવાવાળી મિલકત ૧૯૯૦–૯૧ માં એકજ પ્લોટ હોવાથી વાદીઓના કુટુંબી કાકા રહેમતખાન કે જેઓ વાદીઓના પિતાના સગા ભાઈ થતા હોઈ

વાદીઓની નાની ઉંમર હોવાથી પ્રતિવાદીઓના પિતા રહેમતખાન મુજાતખાન વાદીઓની મિલકતની દેખરેખ રાખતા હોઈ, સદરહુ દાવાવાળી મિલકત પાડલા ગ્રામ પંચાયતના રેકર્ડ ઉપર આકારણી રજીસ્ટરે મિલકત નં.૧/૧ માં માલીક તરીકે મલેક રહેમતખાન મુજાતખાનનું નામ દાખલ કરાવેલું અને કબજેદાર તરીકે વાદીઓની માતા મલેક માજબાઈ નશીબખાનનું નામ દાખલ કરેલું. ત્યારબાદ સદરહુ મિલકત ઉપર વાદીઓએ ધાબાવાળુ બાંધકામ કરેલુ, જેમા બે મકાનો બનાવેલા, જેથી સને ૨૦૦૭–૦૮ ના પાડલા ગ્રામ પંચાયતના આકારણી રજીસ્ટરે મિલકત નં.૧/૧ તથા મિલકત નં.૧/૧/૧ તરીકે દાખલ થયેલ અને તેમાં પણ માલીક તરીકે ખોટી રીતે આ કામના પ્રતિવાદીઓના પિતા રહેમતખાન મુજાતખાનનું નામ દાખલ થયેલુ અને આજદીન સુધી ખોટી રીતે સદરહુ મિલકતના રહેમતખાન મુજાતખાન માલિક કે કબજેદાર ન હોવા છતાં તેઓનું નામ ખોટી રીતે પાડલા ગ્રામ પંચાયતના રેકર્ડમાં દાખલ કરવામાં ગંભીર પ્રકારની ભુલ થયેલ, સદરહુ મિલકત કયારેય પ્રતિવાદીઓના પિતાશ્રી મલેક રહેમતખાન મુજાતખાને ગ્રાન્ટ થયેલ નથી કે તેઓને કોઈપણ જાતના રજીસ્ટર વેચાણ દસ્તાવેજ આધારે યા અન્ય કોઈપણ જાતના લખાણ ધ્વારા વાદીઓના પિતાશ્રીએ કે વાદીઓની માતૃશ્રીએ સદરહુ મિલકતો પ્રતિવાદીઓના પિતાને કોઈપણ રીતે આપેલી નથી કે તબદીલ કરેલ નથી અને પાડલા ગ્રામ પંચાયત રેકર્ડમાં સદરહુ મિલકત ખોટી રીતે પ્રતિવાદીઓના પિતાના નામ ઉપર દાખલ થયેલ હોઈ અને દાવાવાળી મિલકતના ટેક્ષ વાદીઓ ભરપાઈ કરે છે અને દાવાવાળી મિલકતમાં ઈલેકટ્રીક મીટર પણ વાદી નં. ૩ ના નામે લેવામાં આવેલ છે અને બીલ પણ વાદીઓ ભરપાઈ કરે છે અને આ કામના પ્રતિવાદી નં.૧ થી ૭ નાઓના પિતાશ્રી રહેમતખાન મુજાતખાનનું નામ ગ્રામ પંચાયતના આકારણી રેકર્ડે ખોટી રીતે દાખલ થયેલ હોઈ, પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત ઉપર હકક ભોગવવાની કોશીશ કરે છે અને પ્રતિવાદી નં. ૧ અને ૩ થી ૫ નાઓએ ગ્રામ પંચાયત પાડલામાં તેમની સંમતિ વગર મિલકતમાં ફેરફાર ન કરવા અરજી આપતા, વાદીઓ તરફથી પાડલા ગ્રામ પંચાયતમાં દાવાવાળી મિલકત અંગેના જરૂરી દસ્તાવેજી

આધારોની માંગણી કરતા દાવાવાળી મિલકતમાં પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓને કોઈ હકક અધિકાર ન હોવા છતાં દાવાવાળી મિલકત ઉપર તેમનો માલીકી હકક ખોટી રીતે ઉભો કરવાની કોશીશ કરી રહેલ હોઈ અને મિલકત ઉપર બોજો કરવાની કોશીશ કરી રહેલ હોઈ અને વાદીઓએ પ્રતિવાદી નં.૧ થી ૭ નાઓએ કહ્યું કહેવડાવ્યું છતાં પ્રતિવાદીઓ માનતા ન હોઈ અને થાય તે કરી લો તેવુ જણાવતા, વાદીઓને હાલનો દાવો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

(૮) આ કામે વાદીઓ તરફે રજુ થયેલ રેકર્ડ વંચાણે લેવામાં આવે તો, આ કામના વાદીઓ તરફે માર્ક–૩/૧ થી માર્ક–૩/૧૫ સુધીના દસ્તાવેજી આધારો રજુ કરવામાં આવેલ છે, જે પૈકી માર્ક–૩/૧ વંચાણે લેવામાં આવે તો દાવાવાળી પાડલા ગામની ગામઠાણની જમીન પૈકી ચો.વાર ૧૨૪.૪/૯ જમીન સરકાર તરફથી તરફથી મકાનનું બાંધકામ કરવા માટે વાદીઓના પિતા નામે નશીબખા મુખાતખા મલેકને ગ્રાન્ટ થયેલ હોવાનું જણાઈ આવે છે. માર્ક–૩/૨ થી વાદીઓના પિતાશ્રીના મરણનો દાખલો રજુ થયેલ છે, જે વંચાણે લેતા તા.૧૯–૩–૧૯૭૬ ના રોજ વાદીઓના પિતાનું અવસાન થયેલ હોવાનું જણાય છે અને માર્ક–૩/૩ થી સને ૧૯૮૧–૮૨ નો પાડલા ગ્રામ પંચાયતનો કરને પાત્ર મકાનો અને જમીનના આકારણીના દાખલાની નકલ રજુ થયેલ છે, જેમાં માલિકના નામમાં મલેક નસીબખાં મુજાતખાંનું નામ અને ભોગવટો કરનારના નામમાં પણ પોતે લખેલ છે એટલે કે દાવાવાળી મિલકતના માલિક અને ભોગવટો કરનારના નામમાં વાદીઓના પિતાનું નામ છે અને આ કામે માર્ક–૩/૪ થી માર્ક–૩/૬ ના અનુકમે સને ૧૯૯૦–૯૧, સને ૨૦૦૭–૦૮ અને સને ૨૦૨૦–૨૧ ના વર્ષના જે આકારણીના દાખલાઓ રજુ થયેલ છે તેમાં માલિકના નામમાં મલેક રહેમતખાન મુજાતખાનનું નામ તથા ભોગવટો કરનારના નામમાં મલેક માજબાઈ નશીબખાનનું નામ છે, પરંતુ દાવાવાળી મિલકતમાં માલિક તરીકે વાદીના પિતાના નામના બદલે મલેક રહેમતખાન મુજાતખાનનું નામ કેવી રીતે દાખલ થયેલ તે અંગેનો કોઈ પુરાવો આ કામના પ્રતિવાદીઓએ આ કામે દાવાના કામે હાજર થઈ રજુ રાખેલ નથી. વધુમાં આ

કામે વાદીઓ તરફે રજુ થયેલ માર્ક–૩/૭ થી માર્ક–૩/૧૦ ની દાવાવાળી મિલકતનો વેરો ભર્યાની પાવતીઓ જોતા દાવાવાળી મિલકતનો વેરો આ કામના વાદીઓ ભરતા હોવાનું જણાય છે તેમજ માર્ક–૩/૧૧ થી રજુ થયેલ લાઈટ બીલ રજુ થયેલ છે તે પણ વાદી નં. ૩ ના નામનું છે તેમજ માર્ક–૩/૧૩ થી રજુ થયેલ ભુકંપમાં મકાનને થયેલ નુકશાનના રીપેરીંગ માટે રૂા.૧૩૦૦/– મંજુર થયેલા અને મકાનનું રીપેરીંગ કામ થયેલ ન હોવા બાબતે નાયબ કાર્યપાલક ઈજનેર, ભુકંપ, (મામ.) પેટા વિભાગ, સમીનાઓ તરફથી જે નોટીસ આપવામાં આવેલ છે તે ભટ્ટી માજલબાઈ નસીબખાનના નામની છે એટલે કે પ્રતિવાદીઓની માતાના નામની છે. વધુમાં વાદીઓ તરફે માર્ક–૩/૧૪ થી વાદી નં. ૧ નાઓએ પાડલા, તા. શંખેશ્વર મુકામે તેઓના વારસાગત માલિકી/કબજા ભોગવટાવાળા મકાન આકારણી નં.૧ ની જમીનની ભુતકાળ કે અગાઉ થયેલી આકારણી સમયે ભુલ કે ગેરસમજથી થયેલ કાર્યવાહી કારણે મલેક રહેમતખાન મુજાતખાનના નામે કરવામાં આવેલ આકારણીની ભુલ સુધારવા સારૂ આપેલ અરજીની નકલ રજુ થયેલ છે તેમજ માર્ક–૩/૧૫ થી પ્રતિવાદી નં. ૧ અને ૩ થી ૫ નાઓએ દાવાવાળી મિલકત મલેક રહેમતખાંન મુજાતખાન એટલે કે તેઓના પિતાશ્રીના ખાતે હોઈ માલિકના નામમા સંમતિ વગર ફેરફાર ન કરવા માટે તલાટી કમ મંત્રીશ્રી, પાડલા ગ્રામ પંચાયતને અરજી આપેલ તેની નકલ રજુ થયેલ છે, પરંતુ હાલનો દાવો દાખલ થયા બાદ આ કામના પ્રતિવાદીઓને દાવાની પ્રોસેસ બજવા છતાં અને પ્રતિવાદી ન.૩, ૭ અને ૮ નાઓએ જાતે કોર્ટ રૂબરૂ હાજર થઈ વકીલ રોકવા તથા દાવાનો જવાબ રજુ કરવા માટે આંક–૮ થી મુદત અરજી રજુ કરેલ હોવા છતાં, ત્યારબાદ પ્રતિવાદીઓ જાતે કે તેઓ તરફે કોઈ હાજર દાવાના કામે હાજર રહેલ નથી તેમજ પ્રતિવાદીઓને દાવાનો જવાબ રજુ કરવા માટે પુરતો સમય આપવા છતાં તેઓ તરફે કોઈ લેખિત જવાબ રજુ કરવામાં આવેલ નથી કે વાદીઓના દાવાનો કોઈ પ્રતિકાર કરવામાં આવેલ નથી કે આ કામના પ્રતિવાદીઓએ દાવાના કામે કોર્ટ રૂબરૂ હાજર થઈ દાવાવાળી મિલકત

તેઓના પિતાના નામે પંચાયત રેકર્ડમાં કઈ રીતે દાખલ થયેલ તે અંગેનો પણ કોઈ દસ્તાવેજી આધાર પુરાવો દાવાના કામે રજુ કરેલ નથી.

(૯) આમ ઉપરોકત સંજોગો ધ્યાને લેવામાં આવે તો વાદીના દાવાની તથા મનાઈ અરજીની હકીકત તથા માર્ક–૩/૧ વંચાણે લેવામાં આવે તો આ કામના વાદીઓના પિતા નામે નશીબખાં મુજાતખાં મલેકનાઓને પાડલા ગામે ગામઠાણ જમીન પૈકીની ચો.વાર ૧૨૪.૪/૯ વાળી જમીન સરકાર તરફથી મકાનનું બાંધકામ કરવા માટે ગ્રાન્ટ થયેલ હોવાનું જણાઈ આવે છે અને માર્ક–૩/૩ નો પાડલા ગ્રામ પંચાયતનો મિલકતની આકારણીનો દાખલ વંચાણે લેતા તેમાં પણ માલિક તરીકે વાદીઓના પિતાનું નામ છે અને ભોગવટો કરનાર તરીકે પોતે દર્શાવેલ છે, જેથી ભોગવટો કરનાર તરીકે પણ આ કામના વાદીઓના પિતા જ છે અને ત્યારબાદ માર્ક–૩/૪ થી માર્ક–૩/૬ ના પાડલા ગ્રામ પંચાયતના મિલકતની આકારણીના જે દાખલાઓ રજુ થયેલ છે તેમાં માલિક તરીકે આ કામના પ્રતિવાદીઓના પિતાનું નામ અને ભોગવટો કરનારના નામમાં વાદીઓના માતૃશ્રીનું નામ દર્શાવેલ છે, પરંતુ આ કામે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આ કામના પ્રતિવાદીઓએ દાવાના કામે કોર્ટ રૂબરૂ હાજર થઈ દાવાવાળી મિલકતમાં તેઓના પિતાનું નામ ગ્રામ પંચાયત રેકર્ડમાં કઈ રીતે દાખલ થયેલ તે અંગેનો કોઈ દસ્તાવેજી આધાર પુરાવો રજુ કરેલ નથી, જેથી દાવાવાળી મિલકત આ કામના વાદીઓના પિતાના નામે સરકાર તરફથી ગ્રાન્ટ થયેલાનું જણાતું હોઈ અને નામદાર વડી અદાલત તથા નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા તેઓશ્રીના વિવિધ ચુકાદાઓમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે દરમ્યાન અરજીના નિર્ણય સમે અદાલતે કેસના ગુણદોષની વિસ્તૃત વિચારણા કરવાની નથી, પરંતુ માત્ર વાદીનો પ્રથમદર્શનીય કેસ છે કે કેમ એ નકકી કરવાનુ છે. હાલના દાવાના કામે પણ ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને લેવામાં આવે તથા વાદીઓનું પ્લીડીંગ તથા વાદીઓ તરફેના દસ્તાવેજી આધારો ધ્યાને લેતા વાદીઓનો પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઈ

આવે છે. આમ વાદીઓ મુદ્દા નં. ૧ પુરવાર કરવામાં સફળ થતા હોવાનું આ અદાલતનું માનવુ છે, જેથી મુદ્દા ન.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

મુદ્દા નં. ૨, ૩ બાબતે વિચારણા કરવામાં આવે તો બેલેન્સ ઓફ કન્વીનીયસ બાબતે વિચારણા કરવામાં આવે તો એ પ્રતિવાદીઓ કરતા વાદીઓને વધુ નુકશાન થાય તેમ છે. હાલની અરજ મંજુર કરવાથી પ્રતિવાદીઓને કોઈ નુકશાન થાય તેમ નથી. જયારે હાલની અરજ નામંજુર કરવામાં આવે તો વાદીઓના દાવાનો કોઈ અર્થ સરે તેમ નથી. આમ વાદીઓ મુદ્દા નં. ૨ તથા ૩ પુરવાર કરવામાં પણ સફળ થતા હોવાનું આ અદાલતનું માનવું છે, જેથી મુદ્દા નં. ૨ તથા ૩ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

આ કામે વાદીઓએ પોતાની દરમ્યાન મનાઈ અરજીના પેરા નં. ૧૫ (૧) માં દાદ માગેલ છે કે, દાવા અરજના પેરા-૧ માં જણાવેલ મિલકત આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૭ ના કોઈ વ્યકિતને વેચાણ, ગીરો લીયન, બક્ષીસથી આપે અપાવે નહીં યા સદરહુ મિલકત અન્ય રીતે તબદીલ કરે કરાવે નહીં કે તેનો ઉપર કોઈ બોજો ઉત્પન્ન કરે કરાવે નહીં તેવો હંગામી મનાઈ હુકમ આપવાની દાદ માગેલ છે, જે દાદ વાદીઓ મેળવવા હકકદાર બનતા હોવાનું જણાય છે, જેથી મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: <u>હુકમ</u> :-**

- વાદીની આંક-૫ ની મનાઈ અરજ મંજુર કરવામાં આવે છે.
- આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓએ દાવાના આખરી નિકાલ સુધી મોજે પાડલા, તા.સમી, હાલ તા.શંખેશ્વર મુકામે દાવાવાળી મિલકત ગ્રામ પંચાયત નં.૧/૧ તથા ૧/૧/૧ ની કોઈ વ્યકિતને વેચાણ, ગીરો લીયન, બક્ષીસથી આપવી અપાવવી નહી યા સદરહુ મિલકત અન્ય રીતે તબદીલ કરવી કરાવવી નહીં કે તેના ઉપર કોઈ બોજો ઉત્પન્ન કરાવો કરાવવો નહીં

તેવો આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓ વિરૂધ્ધ વચગાળાનો મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

➢ અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

આ હુકમ આજ **તા. ૧૭ મી,** માહે **ફેબ્રુઆરી,** સને **૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૨/૨૦૨૪
મુ.શંખેશ્વર.

**(મિનેષકુમાર વિનોદચંદ્ર પટેલ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ,
શંખેશ્વર.
કોડ નં.જી.જે.૦૦૬૭૦